GJGS030003342026

દાખલ તારીખ : ૧૨/૦૬/૨૦૨૬
નોંધ્યા તારીખ : ૧૨/૦૬/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૯/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૭

**<u>ગીર સોમનાથ જિલ્લાના મ્હે.ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ. ઉના, જી. ગીર સોમનાથ.</u>**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૨૬/૨૦૨૬**

---

**અરજદાર:-** અશોકભાઈ બાલુભાઈ બલદાણીયા,
ઉ.વ.૩૩, ધંધો:ખેતી,
રહે.ધોકડવા, તા.ગીરગઢડા, જી.ગીર સોમનાથ.

**વિરૂદ્ધ**

**સામાવાળા:-** સ્ટેટ ઓફ ગુજરાત

---

**અરજદાર તરફે** :- વિ.વકીલશ્રી ડી.એસ.ચુડાસમા
**સામાવાળા તરફે** :- વિ. પ્રોસીક્યુટર શ્રી એમ.કે.ગોહેલ

---

**વિષય :-** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી

---

**<u>-:: આંક-૧ લગત હુકમ ::-</u>**

૧. હાલની અરજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયે અરજદારે **ગીરગઢડા પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૧૨૬૦૪૦૯/૨૦૨૬ બી.એન.એસ. કલમ ૨૮૧,**

**૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), ૧૦૫, ૫૪ તથા મોટર વાહન અધિનીયમની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૭, ૧૩૪** મુજબના ગુન્હામાં રેગ્યુલર જામીન પર મુકત થવા માટે આપેલ છે.

૨. હાલની જામીન અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કાઢતા સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલ હાજર થયેલ છે અને તપાસ કરનાર અધિકારીએ જામીન અરજીની વિરૂદ્ધમાં આંક–૪ થી સોગંદનામુ રજુ કરેલ છે તેમજ પોલીસ તપાસના કાગળો રજુ રાખેલ છે.

૩. અરજદારના વિ.વ.શ્રી ડી.એસ.ચુડાસમાની રજુઆત છે કે, અરજદાર તદન નિર્દોષ છે. તેઓને કહેવાતા ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. આ કામની એફ.આઈ.આર. જોતા અરજદારનું તેમાં કયાંય નામ નથી. અરજદાર વિરુધ્ધ કોઈ પ્રથમદર્શનીય કેસ બનતો નથી. અરજદાર ઉપર આ પ્રથમ આક્ષેપીત ગુનો છે. અરજદાર ઉપર ભુતકાળમાં કયારેય કોઈ ગુનો નોંધાયેલ નથી. અરજદાર ખેતી કરી તેઓનું તથા તેઓના પરીવારનું ભરણપોષણ કરે છે. હાલમાં ચોમાસાની સીઝન હોય જો અરજદારને વધુ સમય જેલમાં રાખવામાં આવશે તો અરજદારની ખેતી બરબાદ થઈ જશે. અરજદારના પરીવારના ભરણપોષણનો આધાર એકમાત્ર અરજદાર ઉપર છે. કેસ ચાલતા ઘણો સમય લાગે તેમ છે અને અરજદારને જો જામીન મુકત કરવામાં નહી આવે તો અરજદારને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ ભોગવવાનો વારો આવશે. જામીન એ નિયમ અને જેલ એ અપવાદના સિધ્ધાંતને ધ્યાને લેતા અરજદારને જામીન મુકત કરવા જોઈએ. વધુમાં ફરીયાદ જોવામાં આવે તો શરૂઆતમાં અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધમાં ફરીયાદ આપવામાં આવેલ છે, જયારે પોલીસે સદરહુ વાહન ચાલકને અટક શુધ્ધા કરેલ નથી. ઉલ્ટાનું અજાણ્યા વાહન

ચાલકનું નિવેદન લીધેલ છે અને હાલના અરજદાર / આરોપીને ખોટી રીતે આક્ષેપિત ગુનામાં સંડોવી દીધેલ છે. શરૂઆતમાં ફરીયાદમાં અકસ્માત અંગેની કલમો લગાવવામાં આવેલ અને બાદમાં કલમનો ઉમેરો કરી અરજદારને અટક કરવામાં આવેલ છે. અરજદારનો મનુષ્યવધ કરવાનો કોઈ ઈરાદો ન હોય તે સ્વાભાવિક છે. હાલના અરજદાર ફાર્મ હાઉસના માલીક નથી. તેઓની વિરૂધ્ધમાં અગાઉ કોઈ ગુનાઓ નોંધાયેલા નથી. વધુમાં અરજદાર અરજીમાં જણાવ્યા સંબંધે કાયમી વસવાટ ધરાવે છે અને ક્યાંય નાસીભાગી જાય તેમ નથી. તેમજ ટ્રાયલ વખતે નિયમીત હાજર રહે તેવી ખાતરી આપતા હોય અરજદારને જામીન પર મુક્ત કરવા અરજ કરેલ છે.

૪. સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલની રજુઆત છે કે, તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ આશરે સાડા આઠ વાગ્યે ફરીયાદીના ભત્રીજા મરણજનાર તથા સીરાજભાઈ મુસાભાઈ બંને ધોકડવા પેટ્રોલપંપ ઉપર પોતાની નોકરીની શીફટ પુરી કરી જસાધાર ગામ જતા હતા ત્યારે નગડીયા ગામ પાસે આશુતોષ ફાર્મ પાસે પહોચતા આરોપીએ ફાર્મના ગેઈટની બહાર જાહેર રોડ ઉપર ગૌશાળાના મગના ચારોલાનો ઢગલો કોઈપણ રીફલેકટર લાઈટ કે કોઈ આડશ કે ડાયવર્ઝન કર્યા વગર કરેલો હોય અને ત્યાંથી મરણ જનાર બંને ઈસમો પોતાની મોટર સાયકલ પર નીકળતા અચાનક સદર મગના ચારોલાના ઢગલા પાસે આવી જતા તેમની મોટર સાયકલ સ્લીપ થઈ ગયેલ અને તુરત જ પાછળ આવતી ફોરવ્હીલ સાથે અથડાતા મોટર સાયકલ સ્લીપ થતા રોડ ઉપર પડી બંને ઈસમો પડી જતા તેઓની ઉપર પાછળ આવતી ફોરવ્હીલર કાર ફરી વળેલ અને તેના કારણે સદરહુ બંને મરણ જનારનું મૃત્યુ નીપજેલ છે. આમ, અરજદાર/આરોપીએ આશુતોષ ફાર્મ હાઉસ પાસે રોડ પર કરેલ ચારાના ઢગલાના કારણે અકસ્માત થવાની અને મૃત્યુ થવાની

પુરેપુરી સંભાવના હોવાનું જાણવા છતા કોઈપણ રીફલેકટર લાઇટ કે કોઈ આડશ કે ડાયવર્જન કર્યા વગર ચારાનો ઢગલો દુરથી દેખાય તેવી કોઈ વ્યવસ્થા કર્યા વગર ચારો રોડ ઉપર ઉતારેલ હોય જેના કારણે અકસ્માત થતા મનુષ્ય વધનો ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. ફરીયાદી તથા આરોપીઓ બાજુના ગામના હોય જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદી સાથે તકરાર તોફાન કરી કોઈ મોટો કોગ્નીઝેબલ ગુનો કરી બેસે તેવી પુરેપુરી શકયતા છે તેમજ પંચો અને સાહેદોને યેનકેન પ્રકારે તોડશે, જેનાથી કેસ નબળો પડશે અને કેસ ન્યાયના એરણ પર ટકી શકશે નહી. તેમજ અરજદાર/આરોપીને જામીન મળ્યેથી પુરાવાનો નાશ કરે તેવી દહેશત હોય જેથી અરજી રદ કરવા રજુઆત કરેલ છે. વધુમાં તેઓના જણાવ્યા મુજબ આક્ષેપિત બનાવમાં ૧૮-૧૮ વર્ષના બે નવયુવાનોએ પોતાનો જીવ ગુમાવેલ છે. તપાસ કરનાર અમલદારે વિડીયો કુટેજ મેળવેલા છે અને તેના પરથી આક્ષેપિત બનાવ પ્રથમદર્શનીય રીતે હાલના અરજદાર / આરોપીના કૃત્યના કારણે બનેલ હોવાનું જણાઈ આવે છે. આ ગુનાની તપાસ હજુ નાજુક તબકકામાં છે. આમ, તેઓએ પોતાની મૌખિક દલીલોના અંતે જામીન અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

**૫.** અરજદાર/આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), ૧૦૫, ૫૪ તથા મોટર વાહન અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪, ૧૮૭, ૧૩૪ મુજબના ગુનાના આક્ષેપ છે. જામીન અરજી, સાથે સામેલ દસ્તાવેજી આધારો, પોલીસ અભિપ્રાય / સોગંદનામું તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. આ કામની મુળ ફરીયાદ અજાણ્યા વાહન ચાલક ધ્વારા અકસ્માત કરી નાસી ગયા બાબતની આપવામાં આવેલ અને ત્યારબાદ તપાસ હાથ ધરતા એવી હકીકત જણાઈ આવેલ કે, આ કામના

અરજદાર/આરોપીએ ગૌશાળા માટે મગનું ચારોલુ મંગાવેલુ, જે મગનુ ચારોલુ પોતાની ગૌશાળાના પાછળના રોડ ઉપર ટ્રેકટર ચાલકને સુચના આપી ઉતરાવેલ અને ત્યારબાદ આ ચારોલુ અકસ્માત થવાની સંભાવના હોવાનું જાણવા છતાં સદર ચારોલુ જેમનું તેમ રહેવા દીધેલ અને તેના કારણે રાત્રીના સમયે મરણ જનાર બંને ઈસમો પોતાની મોટર સાયકલ ઉપર આવતા હતા ત્યારે અચાનક સદર મગના ચારોલા પાસે આવી જતા તેમની મોટર સાયકલ સ્લીપ થઇ ગયેલ અને તુરત જ પાછળ આવતી હુન્ડાઇ કંપનીની ગાડી સદર બંને મરણ જનારની મોટર સાયકલ સ્લીપ થતા રોડ ઉપર પડી ગયેલ હોય તેની ઉપર ફરી વળેલ અને તેના કારણે સદરહુ બંને મરણ જનારનું મૃત્યુ નીપજેલ છે. આ કામની તપાસ દરમ્યાન તપાસ કરનાર અમલદારે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૫ મુજબના ગુનાનો ઉમેરો કરેલ અને હાલના અરજદાર/આરોપીને અટક કરેલ. તપાસના કાગળો ધ્યાને લેવામાં આવે તો હાલના અરજદાર/આરોપી આશુતોષ ફાર્મ હાઉસની ગૌશાળાના દેખરેખ રાખનાર તેમજ વહીવટ કરનાર વ્યકિત છે અને તેઓની સુચનાથી જ ટ્રેકટર ડ્રાઈવર કાળુભાઈ આપાભાઈ ભરવાડે ટ્રેકટરમાં લાવેલ મગનું ચારોલુ જાહેર રોડ ઉપર ઉતારેલ છે અને તેવી હકીકત ટ્રેકટર ડ્રાઈવર કાળુભાઈ આપાભાઈ ભરવાડે પોતાના પોલીસ રુબરુના નિવેદનમાં જણાવેલ છે. આવી જ હકીકત સદર ગૌશાળાની કાળજી રાખનાર વ્યકિત કાથડભાઈ નારણભાઈ સિંધવે પોતાના પોલીસ રુબરુના નિવેદનમાં જણાવેલ છે. આક્ષેપીત બનાવ બનતા સ્થાનીકો ત્યાં એકત્રીત થયેલાની હકીકત બહાર આવેલ છે, જે પૈકી સાહેદ કૌશીકભાઈ રામજીભાઈ ડાંગોદરા તેમજ સાહેદ રમેશભાઈ જીવાભાઈ બલદાણીયાએ પોતાના મોબાઈલમાં આક્ષેપીત બનાવ બન્યાની પરીસ્થીતી દર્શાવતો વીડીયો ઉતારેલ છે, જે વીડીયોમાં અકસ્માતમાં મરણ જનાર બંને વ્યકિતઓ ઈજાગ્રસ્ત હાલતમાં જોવા મળે છે તેમજ આ કામના અરજદાર/આરોપી

અકસ્માતનો બનાવ બન્યા બાદ રોડ ઉપર મુકી રાખેલ મગનું ચારોલુ ત્રણ મજુરોના માધ્યમથી ગૌશાળાના ગોડાઉનમાં તબદીલ કરતા જોવા મળેલ છે. પોલીસે સદર ત્રણ મજુરોના પણ નિવેદનો લીધેલ છે અને તેઓએ પણ પોલીસ ધ્વારા કરવામાં આવેલ આક્ષેપ મુજબની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, જાહેર રોડ ઉપર ગૌશાળા માટે મંગાવેલ મગનું ચારોલુ મુકી રાખી તેમજ આવુ ચારોલુ પડેલ છે તેવા કોઈ દુરથી દેખી શકાય તેવા નિશાનો નહી રાખી ગંભીર અકસ્માત થવાની શકયતા હોવાનું જાણવા છતાં આવુ આક્ષેપીત કૃત્ય કરેલાનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ આવે છે. આ ગુનાની તપાસ હજુ નાજુક તબકકામાં છે. પોલીસ ધ્વારા બંને મૃત્યુ પામનાર વ્યકિતઓ મગના ચારોલાના ઢગલાના કારણે સ્લીપ થઈ જતા રોડ ઉપર પડી જતા પાછળ આવતી મોટરકાર ધ્વારા અકસ્માત થયેલ તે મોટરકાર કબજે લેવામાં આવેલ છે તેમજ એફ.એસ.એલ. અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આમ, આક્ષેપીત ગુનો ખુબ જ ગંભીર પ્રકારનો છે તેમજ તપાસ ખુબ જ નાજુક તબકકામાં છે અને તેથી આ તબકકે આરોપીને જામીન મુકત કરવા યોગ્ય અને ન્યાયી જણાતુ નથી. જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયેની હાલના અરજદારની રેગ્યુલર જામીન અરજી "**નામંજુર**" યાને કે **રદ** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ-૧૯ મી, માહે-જૂન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૯/૦૬/૨૦૨૬
સ્થળઃ- ઉના.

(એસ.એમ.ગોવાણી)
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ
ગીર સોમનાથ એટ ઉના,
કોડ નં. જીજે. ००૯૧૮.